# : " બાયો મેડીકલ વેસ્ટ ડિસ્પોઝલ" માટેનું ટેન્ડર ફોર્મ :

## (ટેન્ડરરે ભાવપત્રક ભરીને અલગ બંધ કવરમાં અત્રે પરત મોકલવું )

કોન્ટ્રાકટરનું નામઃ
પુરૂં સરનામું :

ફોન નં:
મો.નં:
તારીખ :

પ્રતિ,
નિયામકશ્રી,
ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ,
(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ),
સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

મહોદય,

ટેન્ડર ફોર્મની તમામ શરતો મેં ધ્યાન પૂર્વક વાંચી અને બરાબર રીતે સમજયો છું, અને તે અમોને કબુલ મંજુર છે.

૧. હોસ્પિટલનો જૈવીક કચરો (બાયો મેડીકલ વેસ્ટ)નિયમો અને કાયદાની જોગવાઈઓનુસાર રોજેરોજ નિયત બેગમાં એકત્ર કરી યોગ્ય સ્થળે લઈ જઈ નિકાલ કરવાના કામનો માસિક ભાવ રૂા. ............. (અંકે રૂપિયા )

આ કોન્ટ્રાકટની રકમમાં તમામ પ્રકારના સેસ/વેરા/ટેક્ષ સામેલ છે. આ ભાવ ટેન્ડરમાં દર્શાવેલ અવધિ માટેનાં છે. તેમાં વચ્ચેથી કોઈ ભાવ વધારો કરવામાં આવશે નહીં. આ સાથે અમારી તમામ વિગતો અને તેના સમર્થનમાં પ્રમાણપત્રોની નકલો બિડેલ છે.

૨. સંચાલક/ કોન્ટ્રાકટરનું નામ : ...................... ........................
અને સરનામું ...................... ..............................
...................... ..............................
ફોન(ઘર)......................(ઓફીસ)........................
ઉંમર : .................... શૈક્ષણિક લાયકાતઃ .................
આ કામનો અનુભવ : ...................... ......................વર્ષનો છે.

૩. સંસ્થાનું નામ અને........................... .....................
પોસ્ટલ સરનામું : .................. ......................
.................. .................. ...............
ફોન : .................. .....(મોબાઈલ)..................
સંસ્થાનો આ કામનો અનુભવ : .................................... વર્ષનો છે.

૪. વ્યકિતગત/ભાગીદારી/સંસ્થા : .................. .........................
(ભાગીદારી સંસ્થા હોય તો ભાગીદારીખતની નકલ બીડવી.)



ટેન્ડરરની સહી

૫. આ કામ માટેના પોલ્યુસન બોર્ડના લાયસન્સનો નંબર.........................
અને તેની વેલીડીટીની સમય મર્યાદા. ........................................
૬. સંસ્થા નો શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધણી ક્રમાંકઃ ...............
૭. ઈન્કમટેક્ષનો પરમેનેન્ટ એકાઉન્ટ ક્રમાંક :(અ) સંસ્થાનો...................
(બ) સંચાલક/કોન્ટ્રાકટરનો..............
૮. સંસ્થાનો પ્રોવિડન્ટ ફંડ નોંધણી ક્રમાંક ..........................................
૯. સંસ્થાનો ઈ.એસ.આઈ.એસ.નોંધણી ક્રમાંકઃ.........................................
૧૦. સંસ્થાનો વ્યવસાય વેરા નંબર : .................. .................. ........
૧૧. કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ નંબરઃ..................................................
૧૨. હોસ્પિટલમાં કામ કર્યાનો અનુભવ .................. ...................
૧૩.હાલમાં નીચે પ્રમાણેના કોન્ટ્રાકટ ચાલી રહેલા છે.

| ક્રમ સંસ્થાનું નામ અને સરનામું | ટેલીફોન | સમયથી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

- **અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈ.એમ.ડી.) પેટે રૂ.૧૦૦૦૦/- નો ડી.ડી. નં. ---------------- તાઃ બેંક ------------------------------------------------------------------------------ નો બીડેલ છે.**
- **ટેન્ડર ફોર્મ સાથે ઉપર્યુકત દસ્તાવેજોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો બીડવી.**
- **કોઈપણ જગ્યાએ ઓવર રાઈટીંગ, ચેક-ચાક કે વ્હાઈટ ઈન્કનો ઉપયોગ કરેલ હોય તો ટેન્ડરરે ત્યાં સહી કરવી.**
- **ટેન્ડર ત્રણે જુદા જુદા બંધ કવરમાં રજુ કરવું. તેના ઉપર ટેન્ડરનું નામ લખવું. (૧) પ્રાઈસ બીડનું કવર, (૨) ટેકનીકલ બીડનુ કવર, (૩) ઈ.એમ.ડી. નું કવર.**

કોન્ટ્રાકટરની સહી

કોન્ટ્રાકટરનું નામ :

સિકકો

# " બાયોમેડીકલ વેસ્ટ ડીસ્પોઝલ" નો કોન્ટ્રાકટ આપવા માટેનું ટેન્ડર ફોર્મ

**(ટેન્ડરરે ટેકનીકલ બીડ ભરીને બંધ અલગ કવરમાં અત્રે પરત મોકલવું )**

કોન્ટ્રાકટરનું નામઃ

પુરૂં સરનામું :

ફોન :

તારીખ :

પ્રતિ,
નિયામકશ્રી,
ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ,
(એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ),
સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ.

મહોદય,

બાયોમેડીકલ વેસ્ટના કામના ટેન્ડરમાં દર્શાવેલ તમામ શરતો અને લાયકાતો મેં વાંચી છે અને તે સાથે હું સહમત છું. આ કામનાં કોન્ટ્રાકટર તરીકેની હું લાયકાતો ધરાવું છું અને તેના સમર્થનમાં હું મારા નીચે મુજબના લાયસન્સ, પરવાના અને પ્રમાણપત્રો રજુ કરૂ છું. આ સાથે હું ભાવપત્રક અલગ સીલબંધ કવરમાં રજુ કરૂં છું.

૧. સંસ્થા : શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધણી નં : ...................

૨. આ કામ માટેના પોલ્યુશન બોર્ડના લાયસન્સનો નંબર અનેતેની વેલીડીટીની સમય મર્યાદા................

૩. ઈન્કમટેક્ષ નંબર : .................. .................. .............

૪. વ્યવસાય વેરા નંબર : .................. .................. ........

૫. સંસ્થાનો પ્રોવીડન્ટ ફંડ નંબરઃ ..........................................

૬. સંસ્થાનો ઈ.એસ.આઈ.એસ. નંબર : ....................................

૭. કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ નંબરઃ......................................

૮. હોસ્પિટલમાં કામ કર્યાનો અનુભવ .................. ..................



ટેન્ડરરની સહી

૯. હાલમાં નીચે પ્રમાણેના કોન્ટ્રાકટ ચાલી રહેલા છે.

| ક્રમ સંસ્થાનું નામ અને સરનામું | ટેલીફોન | સમયથી |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |

- **નોંધ :** (૧) ઉપર્યુકત બધા જ દસ્તાવેજોની પ્રમાણીત ઝેરોક્ષ નકલો બીડવી ફરીજયાત છે અન્યથા પ્રમાણપત્રોના અભાવે ટેન્ડર રદ કરવામાં આવશે.

  (૨) પ્રથમ ટેકનીકલ બીડનું કવર ખોલવામાં આવશે. માંગ્યા મુજબની લાયકાત ધરાવતા અને શરતોનું પાલન કરતાં હશે તેઓનાં જ પ્રાઈસબીડનાં કવર ખોલવામાં આવશે.

કોન્ટ્રાકટરની સહી

કોન્ટ્રાકટરનું સહી

સિક્કો

# ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ
# (એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ) ન્યુ સીવીલ હોસ્પિટલ કેમ્પસ,
# અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬.

## " બાયો મેડીકલ વેસ્ટના" નિકાલ માટેનું ટેન્ડર

## (ટેન્ડરરે સહી-સિક્કા કરીને ટેન્ડર સાથે પરત કરવાનું રહેશે)

ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, અમદાવાદ **બાયો મેડીકલ વેસ્ટના નિકાલ** માટે કોન્ટ્રાકટ આપવા ટેન્ડર આમંત્રીત કરવામાં આવે છે. ટેન્ડરરે સઘળી શરતો અને પૂરી પાડવાની સેવાઓ, કામો, જરૂરીયાતો ધ્યાન પૂર્વક વાંચી, સમજીને તમામ શરતો કબુલ મંજુર હોય તો આ સાથે આપેલા જુદા ટેકનીકલ બીડના ફોર્મમાં જરૂરી વિગતો ભરી ....અનુભવ, લાયસન્સ વગેરે પ્રમાણપત્રો સાથેની તમામ વિગતો ભરીને નિયામકશ્રી ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટને મળે તે રીતે જુદા જુદા બંધ કવરમાં પોતાના ઓફર ભાવ ભરેલું ટેન્ડર નિયત સમયમાં મોકલી આપવા.

- **હોસ્પિટલમાં મહિને આશરે ૩૦૦૦ થી ૩૨૦૦ કીલો બાયોમેડીકલ વેસ્ટ એકત્રિત કરવામાં આવે છે.**

**કામનો પ્રકાર:-** હોસ્પિટલમાંથી ઉત્પન્ન થતો જૈવીક કચરો (Bio Medical Waste) સંસ્થાની સૂચના મુજબ અને સંસ્થાએ નક્કી કરેલ હોસ્પિટલના જુદા જુદા સ્થળો/વિભાગો/વોર્ડમાંથી નિયત કરેલ સ્થળેથી એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અસારવા અને હોસ્પાઈસ કોમ્પ્લેક્ષ વાસણામાંથી દરરોજ એકત્ર કરી યોગ્ય સ્થળે લઈ જઈ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં કાયદા તથા નિયમોનુસારની જોગવાઈ મુજબ કાયમી નિકાલ કરવાનો રહેશે.

**કામનો હેતુ :-** સંસ્થામાંથી ઉત્પન્ન થતો જૈવિક અને બીનજૈવિક વેસ્ટ નો ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિયમો તેમજ બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ – ૧૯૯૮, ૨૦૦૩ મુજબ એકત્રીકરણ, પરિવહન અને કાયમી નિકાલ કરવાનો છે.

**કોન્ટ્રાકટની સમય મર્યાદા** :- આ કોન્ટ્રાકટ એક વર્ષ માટેનો છે. ટેન્ડર પાસ થયે પ્રથમ ત્રણ માસ માટે અજમાયશી ધોરણે કોન્ટ્રાકટ આપવામાં આવશે અને કામ સંતોષકારક જણાશે તો કોન્ટ્રાકટ વધુ સમય માટે લંબાવવામાં આવશે.

**જો આપની સેવાઓ સંતોષકારક રહેશે તો કોન્ટ્રાકટ વધુ ત્રણ વર્ષ સુધી લંબાવવાની નિયામકશ્રીની વિવેકાધિન સત્તાઓ રહેશે.**



ટેન્ડરરની સહી

**કોન્ટ્રાકટની અગત્યની શરતો :-**

૧. કોન્ટ્રાકટરને પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તરફથી છેલ્લાં પાંચ વર્ષમાં ડીબાર કરેલા ન હોવા જોઈએ કે કોન્ટ્રાકટરનો પ્લાન્ટ નિયમોના ભંગ બદલ બંધ કરેલ ન હોવો જોઈએ.

૨. આ કોન્ટ્રાકટ માત્ર એક વર્ષ સુધીનો જ છે. આ સમય પુરો થયે કોન્ટ્રાકટ આપોઆપ વિના નોટિસે પૂર્ણ થયેલ ગણાશે.

૩. કોન્ટ્રાકટ મંજુર થયે કોન્ટ્રાકટની તમામ શરતો આવરી લેતો “કરાર ખત” જુદો કરવામાં આવશે. કોન્ટ્રાકટરે રૂા.૧૦૦/- નો પોતાની સંસ્થાના નામનો સ્ટેમ્પ પેપર સ્વખર્ચે ખરીદી અત્રે આપવાનો રહેશે. “કરાર ખત” કોન્ટ્રેકટરે સહી-સિક્કા કરી કરારની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. કોન્ટ્રાકટરે સદર કામ કરી આપવા માટે કામની જરૂરિયાત પ્રમાણે આ કામના અનુભવી કામદારો રોકીને સંતોષકારક, નિયમિતપણે **બાયો મેડીકલ વેસ્ટ એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ અસારવા અને હોસ્પાઈસ કોમ્પ્લેક્ષ વાસણા ખાતેથી લઈ જઈ તેનો નિકાલ કરવાનો** રહેશે.

૫. આ કામ માટે રાખેલ કામદારોની તમામ જવાબદારી આ કામના કોન્ટ્રાકટરની રહેશે.

૬. કોન્ટ્રાકટરે લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ-૧૯૭૦ની અને અન્ય લાગુ પડતાં સઘળા કાયદાઓ નિયમોની જોગવાઈઓ મુજબ કોન્ટ્રાકટર તરીકેની સમગ્ર જરૂરીઆતો પૂર્ણ કરતાં હશે અને કોન્ટ્રાકટર તરીકેનું લાયસન્સ, સંસ્થાની નોંધણી ક્રમાંક, પ્રોવીડંટ ફંડ નંબર, ઈ.એસ.આઈ.એસ. નંબર, ઈન્કમટેક્ષ નંબર.....વિ. માંગ્યા પ્રમાણેની જરૂરીયાતો પૂર્ણ કરતાં હોવા જરૂરી છે. જરૂરી લાયકાત/લાયસન્સ વિનાનું ટેન્ડર ફોર્મ માન્ય રાખવામાં આવશે નહીં.

૭. કોન્ટ્રાકટરે લાગુ પડતાં તમામ સરકારી કાયદાઓ અનુસાર તેમજ લઘુત્તમ ધારા હેઠળના જરૂરી પત્રકો સ્થળ પર, સંસ્થામાં તૈયાર રાખવાના છે અને સરકારી મજુર અધિકારી, પ્રોવિડંટ ફંડ ઈન્સ્પેકટર વિગેરે તપાસવા માંગે તો સમગ્ર જરૂરી રેકર્ડ કાયદા અનુસાર બતાવવાના રહેશે.

૮. કોન્ટ્રાકટ મંજુર થયા બાદ કોન્ટ્રાકટરે ઓછામાં ઓછા રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) ડિપોઝીટ જમા કરાવવાની રહેશે.

૯. સદર કોન્ટ્રાકટ બીજાને ટ્રાન્સફર કરી શકાશે નહીં તેમજ તેના કોઈપણ કામ માટે સબ-કોન્ટ્રાકટ આપી શકાશે નહીં.

૧૦. કોન્ટ્રાકટ રાખનારનો કોઈપણ અગમ્ય કારણોસર હયાતિ ન રહે તો કોન્ટ્રાકટ આપોઆપ પૂર્ણ થયેલો ગણાશે. તેમના કાયદેસરના વારસદારો આ અંગેનો કોઈ પણ જાતનો



ટેન્ડરરની સહી

હક્ક-દાવો કરી શકશે નહી.

૧૧. કોન્ટ્રાકટરના કામદારને કામ કરતાં કે અન્ય કોઈપણ રીતે ઈન્ફેકશન લાગે, અકસ્માત થાય, વાગે, નુકશાન થાય, અશકત બને, અપંગ બને, મૃત્યુ પામે, તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૨. કોન્ટ્રાકટરના માણસો તેને રોકેલ કામદારના કોઈપણ પ્રકારના કૃત્યના કારણે હોસ્પિટલ, હોસ્પિટલના કોઈપણ કર્મચારી કે હોસ્પિટલની માલ-મિલ્કતને નુકશાન થાય કે કોન્ટ્રાકટર કે તેના કામદારોની બેદરકારીના કારણે હોસ્પિટલને કોઈ દંડ કે કાનુની કાર્યવાહીમાં ખર્ચ કરવો પડે તો તે તમામ ખર્ચની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને તે ભરપાઈ કરવાની રહેશે. તે રકમ સંસ્થા કોન્ટ્રાકટરના બીલમાંથી,/ડીપોઝીટમાંથી કાપી લઈ શકશે. તેમાંથી વસુલ ન થાય તો અન્ય બાકી રકમ જમીન મહેસુલની બાકી તરીકે અથવા દિવાની રાહે પણ વસુલ કરવા પાત્ર રહેશે.

૧૩. સદર કોન્ટ્રાકટ એક માત્ર **બાયો મેડીકલ વેસ્ટના નિકાલ** ના હેતુ માટે જ આપવાનો છે અને તે હેતુ પુરતો કોન્ટ્રાકટ મર્યાદીત છે. તે સિવાયની કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ, ધંધો, વ્યવસાય સદર સ્થળેથી કરી શકશે નહીં.

૧૪. કોન્ટ્રાકટ મંજુર થયેથી જો કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ લેબર ( રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ ૧૯૭૦ લાગુ પડતો હોય તો મજુર કમિશ્નરની કચેરીમાંથી જરૂરી છે લાયસન્સ મેળવીને દિન ૧૫ (પંદરમાં) માં નિયામકશ્રી સમક્ષ રજુ કરવાનું ફરજીયાત છે.

૧૫. કોન્ટ્રાકટરે કામના સંદર્ભમાં ન હોય તેવી અનઅધિકૃત કોઈપણ ચીજ-વસ્તુ, પદાર્થ, પીણું, ખાદ્ય પદાર્થ, નશો કરે તેવી તમામ, બીડી, સીગારેટ, ગુટખા, તમાકુયુકત....વિગેરે લાવવાના નથી, રાખવાના નથી, વેચવાના નથી કે પીવાના નથી તેમજ કોઈએ ગ્રહણ કરવાના નથી. હોસ્પિટલના નીતિ-નિયમો અને નિયામકશ્રીની સૂચનાઓનો પૂર્ણ પણે અમલ કરવાનો છે.

૧૬. કોન્ટ્રાકટરે હોસ્પિટલમાં કામ કરતાં અન્ય સર્વે કોન્ટ્રાકટરો સાથે હળી-મળીને, સંપીને અને એક બીજાને પૂરક અને મદદરૂપ રહીને સમજી-વિચારીને કાર્યો કરવાના છે. જેથી દરેક કોન્ટ્રાકટર પોતાનું કામ સરળતાથી સંપીને કરી શકે અને કોઈને પણ અડચણરૂપ, વિખવાદ રૂપ કે મનદુઃખનું કારણ ન બને. તમામ કોન્ટ્રાકટરોએ હોસ્પિટલના મુખ્ય હેતુ અને હિત જળવાય તે રીતે કામો કરવાના છે.

૧૭. કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાનમાં કોઈપણ પક્ષકાર લેખીતમાં બે માસની નોટિસ



ટેન્ડરરની સહી

આપીને કોન્ટ્રાકટનો અંત લાવી શકે છે.

૧૮. કોઈપણ શરત/કલમનો ભંગ કોન્ટ્રાકટર કરે તો તુર્તજ કરારનો ભંગ ગણાશે અને સદર કોન્ટ્રાકટ રદ થયેલો ગણાશે અને કોન્ટ્રાકટરે શાંતીથી કોઈપણ જાતના વિખવાદ વિના અને વિવાદ વિના સ્થળનો તેમજ સોંપવામાં આવેલ તમામ ફર્નિચર, વસ્તુઓ ....વિગેરેનો કબજો નિયામકશ્રીને પરત સોંપવાનો રહેશે.

૧૯. સદર ટેન્ડર સાથે બિડેલા ફોર્મને બરાબર વાંચી, સમજીને, પૂર્ણ રીતે ભરીને અને દર્શાવેલી વિગતોના પુરાવાઓ રૂપે પ્રમાણિત (સર્ટીફાઈડ) કરાવેલી ઝેરોક્ષ નકલો બીડવી જરૂરી છે. અધુરું, અપુરતી વિગતોવાળું, અસ્પષ્ટ ટેન્ડર ફોર્મ અમાન્ય ગણાશે.

૨૦. કોન્ટ્રાકટની શરતોમાં સુધારા-વધારા કરવા, રદ કરવી, કે કોઈ શરતનો અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની આખરી સત્તા નિયામકશ્રીની રહેશે અને તેમનો નિર્ણય આખરી અને બંધન કર્તા રહેશે.

૨૧. સદર કામનો કોન્ટ્રાકટ પ્રથમ દર્શીય અજમાયશી ધોરણે માત્ર ત્રણ માસ માટે આપવામાં આવશે. આ ત્રણ માસ દરમ્યાન કોન્ટ્રાકટરનું કામ વર્તણુંક, સેવાઓ, કોન્ટ્રાકટરના કામદારો સંતોષકારક લાગશે, કોન્ટ્રાકટર તરીકેની કાયદેસરની જરૂરીયાતો પૂર્ણ કરેલી હશે તો તેમને આગળ કોન્ટ્રાકટ લંબાવી આપવામાં આવશે, નહીં તો કોન્ટ્રાકટ આ ત્રણ માસ પૂર્ણ થયે વિના નોટિસે આપોઆપ પૂર્ણ થયેલો ગણાશે.

૨૨. જો કોન્ટ્રાકટર કે તેમના કામદારોના કામને કારણે કોઈપણ જાતની નોટિસ હોસ્પિટલ કે તેના કોઈ કર્મચારી/અધિકારીને બજે, કેસ થાય, કાનુની કાર્યવાહીમાં હિસ્સો લેવો પડે, જવાબ આપવો પડે તો તેમજ તેમાંથી થયેલ સઘળા ખર્ચા કોન્ટ્રાકટરના બિલ/ડીપોઝીટમાંથી કાપી શકાશે અથવા અન્ય કોઈપણ રીતે વસૂલ લઈ શકશે.

**૨૩. તમારા કામદારોનાં તમામ લેણાં ચૂકવવાની જવાબદારી તમારી રહેશે. તમારી શરતચૂક કે કોઈ અન્ય કારણોસર તમારા કામદાર કાયદેસરનાં લેણાં અન્વયે કોઈ કોર્ટ કેસ કરે, કરાવે તો જ્યાં સુધી તેનો નિકાલ ન આવે ત્યાં સુધી તમારી ડીપોઝીટ પરત આપવામાં આવશે નહીં.**

૨૪. કોન્ટ્રાકટરને સોંપવામાં આવેલ કામગીરી બજાવવામાં તેઓ નિષ્ફળ જાય અને સંસ્થાએ તે કામગીરી પૂર્ણ કરાવવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડે તો તે અંગેનો જે ખર્ચ થાય તે સમગ્ર ખર્ચ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે અને આ અંગેનો નિર્ણય નિયામકશ્રીનો ગણાશે.



ટેન્ડરરની સહી

૨૫. ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાકટરના કામ માટેના માસિક બીલના ૨૦ % જેટજેટલી રકમ લેબર લો અને અન્ય કાયદાની વૈદ્યાનિક જોગવાઈનું નિયમિતપણે પાલન કર્યા અંગેના પુરાવા સત્તાધીશોને રજુ કર્યા બાદ જ ચુકવવામાં આવશે.

૨૬. કોન્ટ્રાકટરે થયેલ કામનું બીલ મહિનો પૂર્ણ થયા બાદ બે નકલમાં જરૂરી આધાર-પુરાવા સાથે આપવાનું રહેશે અને તે રકમનું ચુકવણું ચેકથી ઈન્કમટેક્ષના અને અન્ય કાયદા/નિયમોને આધીન રહીને કરવામાં આવશે.

૨૭. આ કામના કોન્ટ્રાકટમાંથી કોઈપણ પ્રકારની કાયદેસરની તથા અન્ય જવાબદારી ઉભી થાય તો તે ફકત કોન્ટ્રાકટરની રહેશે.

૨૮. ટેન્ડરના હેતુ માટેના તમામ કામો અંગે નિયામકશ્રી તરફથી સમય અને કામ અંગે વખતો વખત જે સૂચનો કરવામાં આવે તેનો સંતોષકારક રીતે અમલ કરવાનો રહશે.

૨૯. કોન્ટ્રાકટરે કામ પર રોકેલ કામદારોનો યોગ્ય અને પૂરતાં પ્રમાણમાં ગ્રુપ વીમો ઉતારવાનો રહેશે. તદ્ઉપરાંત કોન્ટ્રાકટ દરમ્યાન અન્ય જરૂરી વીમા પોતાના ખર્ચે લેવાના રહેશે.

**૩૦. સંસ્થાની સૂચનાઓ / ટેન્ડરની શરતોનાં ભંગ બદલ સંસ્થા રૂ.૧૦૦૦/- સુધીની પેનલ્ટી કરી શકશે અને આ રકમ માસિક બીલમાંથી કાપી લેવામાં આવશે.**

**<u>વધારાની ખાસ શરતો :</u>**

૧. બીડર પાસે બાયો મેડીકલ વેસ્ટ જૈવીક કચરાના નિકાલ માટે ટ્રાન્સપોટેશન અને અન્ય કાર્યવાહી માટેનું ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ તથા અન્ય સત્તાધિકારી તરફથી આપવામાં આવેલ કાયદાનુસાર જરૂરી લાયસન્સ તથા નિયમોનુસારની સાધન-સામગ્રી હોવી જરુરી છે

૨. કોન્ટ્રાકટરે ગુજરાત પોલ્યુશન બોર્ડના નિયમો તેમજ બાયોમેડીકલ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલીંગ) રૂલ્સ – ૧૯૯૮, ૨૦૦૩ મુજબ જૈવિક કચરાનું એકત્રીકરણ, પરિવહન અને નિકાલ કરવાનો રહેશે.

૩. હોસ્પિટલમાંથી ઉપાડવામાં આવેલો જૈવીક કચરો ("બાયો મેડીકલ વેસ્ટ") કોઈપણ રીતે અન્ય ઉપયોગમાં લઈ શકાશે નહીં તેમજ કોઈપણ હેતુથી તેનો ઉપયોગ કે દુરઉપયોગ કરી શકાશે નહીં. આ કચરાના નિકાલ માટેના પ્રર્વતમાન કાયદા તથા નિયમોનું કોઈપણ રીતે ભંગ થાય નહીં તે રીતે એકત્રીકરણ, ટ્રાન્સપોર્ટેશન અને નિકાલ થાય તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. નિયામકશ્રીએ આપેલ તમામ સૂચનાઓનું પાલન કોન્ટ્રાકટરે કરવાનું રહેશે અને જો તેનું



ટેન્ડરરની સહી

પાલન/અમલ થતો નથી તેમ નિયામકશ્રીના ધ્યાને આવે તો કાયદેસરની કાર્યવાહી ઉપરાંત પ્રતિદિન રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરાં) માસીક બીલમાંથી/ડિપોઝિટમાંથી દંડ તરીકે કાપી લેવામાં આવશે અને તે અંગેનો નિયામકશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને તે માટે નિયામકશ્રી કોન્ટ્રાકટ રદ પણ કરી શકશે.

૪. કોન્ટ્રાકટરે આ કામ માટે જરૂરીઆત મુજબ વાપરેલ તમામ ખર્ચ પોતે ભોગવવાનો રહેશે.

**<u>અગત્યની માહિતી</u> :-**

૧. માસિક ઈન્સીનરેબલ બાયો મેડીકલ વેસ્ટ આશરેઃ- ૩૦૦૦ કીલો

૨. માસિક નોન-ઈન્સીનરેબલ બાયો મેડીકલ વેસ્ટ આશરેઃ- ૮૦૦ કીલો

૩. ઉપરોકત બાયોમેડીકલ વેસ્ટ લઈ જઈ નિકાલ કરવાનો હાલનો માસિક ભાવ રૂા.૩૫૦૦૦/-

ટેન્ડરની ઉપરોકત તમામ શરતો વાંચી-સમજી છે અને તે અમોને કબુલ મંજુર છે.

**સ્થળ :** **ટેન્ડરરની સહી**

**તારીખ :**

**ટેન્ડરરનું નામ**

**સિક્કો**